
॥ वन्देमातरम् ॥



મતીઆ પાટીદાર જ્ઞાતિનું

વસ્તી પત્રક

પ્રકાશક:—

જીવણજી રણછોડજી પટેલ
વલ્લભભાઈ ખુશાલભાઈ પટેલ
મુ૦ સાંકળી તા૦ બારડોલી

મુદ્રક
ભાઈલાલ ઝવેરભાઈ પટેલ
"નવયુગ" મુદ્રણાલય-લીમડાચોક—સુરત.

નિવેદન

સુજ્ઞ જ્ઞાતિ બંધુઓ,

આપની સમક્ષ આ અલ્પ સેવા રજુ કરતા જે જે ભાઇઓએ અમને આ કાર્યમા મદદ કરી છે તેમનો આભાર માનીએ છીએ. વસ્તીગણત્રી કરતીવખતે, તેનો અહેવાલ ટુંક સમયમાજ પ્રકટ કરવાની આશા રાખી હતી પરંતુ ગણત્રી કરનાર પૈકી કેટલાક ભાઇઓ તરફનાં પત્રકો સૂચવાયલા નિયમ અનુસાર ભરાયલા ન હોવાથી તેમાં કેટલીક ભૂલો અને ત્રુટી રહી હતી તે સુધારવાની અનિવાર્ય જરૂર હતી. અને તેથીજ ગણત્રી શરૂ કર્યા પછી લગભગ દોઢ વર્ષે આ અહેવાલ પ્રકટ કરી શકીએ છીએ

આ ભૂલો સુધારવાના કામમાં કેટલાક ભાઇઓ તરફથી કીમતી મદદ મળી છે તે ન મળી હોત તો સાચો રીપોર્ટ બહાર પાડતા હજીયે વિલંબ થાત એ ભાઇઓની સેવા માટે અમે તેમના આભારી છીએ.

એક ગામના કેટલાક જ્ઞાતિજનોએ પોતાના ઘરની ગણત્રી કરવા દેવાની સાફ ના પાડી હતી, તેથી અંગત માહિતી ઉપરથી તે તે ઘરના આંકડા અમે લઇ લીધા છે. એ ઘરના આંકડા ન લઇએ તો ગણત્રી અધુરીજ રહે. એ ઘરો અમારા પરિચયના હતા એટલે લીધેલા આંક-ડામા ભૂલ થવાનો સંભવ નહિ જેવોજ છે.

ગણત્રી કરતી વખતે અનેક ભાઇઓ તરફથી જાતજાતના પ્રશ્ન પૂછવામા આવતા, જેવા કે.

સવાલઃ–આ ગણત્રી કરવાનો ઉદ્દેશ શો ?

જવાબ:–અત્યારે આપણી જ્ઞાતિની ધાર્મિક, સામાજીક, નૈતિક, આર્થિક અને શારીરિક સ્થિતિ કેવી છે એ જાણવાનો અને ભવિષ્યમાં તે ઉપરથી બીજી ગણત્રી વખતે જ્ઞાતિ કેટલે દરજ્જે ઉંચે ચઢી છે અગર નીચે પડી છે તે જાણવાને પ્રમાણભૂત સાધન તૈયાર કરવાનો. આવી ગણત્રી આપણી ચઢતી પડતીનો ઇતિહાસ છે.

સવાલ:–" મતીઆ પાટીદાર જ્ઞાતિનું વસ્તીપત્ર " એ નામને બદલે "પાટીદાર જ્ઞાતિનું વસ્તીપત્ર" નામ રાખો તો સારૂં નહિ ?

જવાબ:—પાટીદાર કોમ તો સાગર જેવી વિશાળ છે, આખા ગુજરાતમાં તે પથરાયલી છે. જ્યારે આપણી ગણત્રી તો પાટીદાર કોમની–એક પેટા કોમની અને તે પણ સુરત વિભાગમાંજ સમાઈ ગયેલી મતીઆ પાટીદાર જ્ઞાતિની છે. એટલે તે મથાળું ભુલાવો ખવાડનારૂં થઈ પડે. વળી વાંકાનેર, વરાડ વગેરે ગામોમાં બીજા પાટીદારો પણ વસતા હોવાથી તે ગામના આંકડામાં પણ ગોટાળો થાય. આપણે આપણીજ પેટા કોમ પૂરતી ગણત્રી કરી છે એટલે તે સૂચક નામજ વાપરવું જોઈએ અને તેમાંજ આપણે ગૌરવ પણ માનવું જોઇએ.

કેટલાક ભાઇઓ તરફથી એવી સૂચના કરવામાં આવી હતી કે ગણત્રી પત્રકમાં ધર્મનું ખાનું રાખવાની જરૂર નથી. પરંતુ દરેક સમાજને તેની ધાર્મિક સ્થિતિ જાણવાની ખાસ જરૂર છે. તેટલા ખાતરજ ધર્મનાં ખાનાં રાખવામાં આવ્યાં છે.

વસ્તી ગણત્રીના રીપોર્ટ પરથી તરવાની આપણી જ્ઞાતિની સ્થિતિ નીચે પ્રમાણે રજુ કરીએ છીએ.

રીપોર્ટ પરથી માલુમ પડે છે કે જ્ઞાતિની અંદર બાળવિવાહ અને બાળલગ્ન ઘર કરી બેઠાં છે. બાળવિવાહને લઇને છોકરા–છોકરી વચ્ચે ઉંમરમાં બીલકુલ તફાવત હોતો નથી. ખરૂં જોતાં વર–કન્યા વચ્ચે ઓછામાં ઓછું પાંચ વરસનું અંતર હોવું જોઇએ તે હોતું નથી.

ઉપલા કારણને લઇને દર વરસે જ્ઞાતિની અંદર વરકન્યાનાં કજોડાં થવાથી પુષ્કળ ફારગતી થાય છે. તેથી નૈતિક તેમજ આર્થિક દ્રષ્ટિએ જ્ઞાતિ નીચે પડતી જાય છે. માટે વર-કન્યામાં તફાવત રાખીને વિવાહ થવા જોઇએ અને બાળલગ્ન અટકવાં જોઇએ. અમને સખેદ જણાવવું પડે છે કે જ્ઞાતિના સ્થંભ કહેવાતા ઘણાખરા પટેલીઆઓ ફારગતી કરવાના કારભારમાં ભારે રસ લે છે અને અમારો એવો નમ્ર અભિપ્રાય છે કે કેટલીક જગ્યાએ તેઓ તરફથી વિનાકારણ નિર્દોષ જોડાંના છુટાછેડા કરવામાં આવે છે. અમારી તેઓને નમ્ર વિનંતિ છે કે તેઓ જ્ઞાતિને નીચે પાડનાર આવા દુષ્કાર્ય કરતા અટકે અને સારા કાર્યમાં જ્ઞાતિને પોતાની સેવા આપે; જ્ઞાતિ તરફથી જો આનો ઉપાય લેવામાં નહિ આવે તો એ વિષનો કીડો ઘર ઘર ફેલાશે. બાળલગ્ન તેમજ ફારગતીના કારણે જ્ઞાતિની ઉગતી પ્રજાની શારીરિક, માનસિક તેમજ નૈતિક સ્થિતિ નબળી થતી જશે. છેવટ જ્ઞાતિનું અધઃપતન થશે. પરંતુ આવી નિરાશામાં અમને આશાના અંકુર ફુટતા છે. કેટલાક જ્ઞાતિના સમજુ ભાઇઓ પોતાના બાળકો તેમજ બાળાઓને પ્રાચીન પદ્ધતિ પર ચાલતાં ગુરૂકુળોમાં વિદ્યાભ્યાસ અર્થે મોકલી આપે છે. અમને આશા છે કે વધુ ભાઇઓ એમનું અનુકરણ કરે કે જેથી જ્ઞાતિનું અધઃપતન થતું અટકે.

જ્ઞાતિની અંદર કેળવણી ઠીક પ્રમાણમાં અપાઇ રહી છે. પરંતુ સ્ત્રી કેળવણીનું પ્રમાણ ઘણું મોટું છે. જ્ઞાતિને ઉન્નત દશામાં લાવવા માટે દરેક માબાપે પોતાના છોકરા છોકરીને સાચી કેળવણી આપવી જોઇએ. અત્યારે સરકાર તરફથી જે કેળવણી અપાઇ રહી છે તે સાચી કેળવણી નથી. કેળવણી એવી અપાવી જોઇએ કે જેથી બાળકો સ્વતંત્ર, સ્વાશ્રયી અને સ્વદેશાભિમાની બને.

આપણી જ્ઞાતિના ઘણા ભાઇઓ પરદેશગમન કરી રહ્યા છે, એ સાહસિકતાના ગુણને લઇને જ્ઞાતિની આર્થિક સ્થિતિ ઠીક છે.

ધર્મની બાબતમાં ટીકા નહિં કરવા ઘણા ભાઇઓ તરફથી સૂચના કરવામાં આવી છે અને વળી દેશના હાલના વાતાવરણમાં દેશભક્તો તરફથી એકતાના આહ્‌વાનને લઇને હમો સતપથ ધર્મની ટીકા કરેવાનું મોકુફ રાખીએ છીએ. પરંતુ દીલગીર છીએ કે જ્ઞાતિમાં અત્યારે એક એવી બીના બની રહી છે કે આપણા આગળના કલકથી પણ વધારે ખરાબ છે. જ્ઞાતિના પટેલીઆઓ ફારગતી જેવા કામ પાછળ મંડયા છે ત્યારે બીજી તરફ આપણી કોમ આગાખાની ધર્મ તરફ વળતી જાય છે. લગભગ પચાસ માણસોએ આગાખાની ધર્મ સ્વીકાર્યો છે. અને તેઓ પોતાનું કામ કર્યે જાય છે. દીલગીરીની વાત એ છે જે આપણી કોમમાં આગાખાની ધર્મ પગપેસારો કરે અને આપણે તેના તરફ બેદરકાર રહીએ. જ્ઞાતિ તરફથી એને માટે યોગ્ય બંદોબસ્ત ન થાય તો ભવિષ્યમાં આગાખાનાનીનો સમહ વધશે અને તે વખતે પાટીદારની કોઇ કોમ સામે આપણાથી હિન્દુ તરીકે ઉભુ રહેવાશે નહિ. ધર્મની બાબતમાં છૂટાપણું હોવું જોઇએ પણ જે ધર્માન્તર થાય છે તે હિંદુ ધર્મનાં તત્વોના અજ્ઞાનને લઇનેજ થાય છે. ધર્માન્તરમા કોઇપણ જાતના લોભ લાલચને સ્થાન નજ હોવુ જોઇએ. એક હિન્દુ કોમ તરીકે આપણે હિન્દુ ધર્મજ પાળવો જોઇએ. કારણકે આપણામાંનો દરેક હિન્દુ કહેવડાવવાનો દાવો કરીએ છીએ અને એમાંજ આપણું ગૌરવ છે. આશા છે કે જ્ઞાતિના સર્વ હિતેચ્છુઓ આ બાબત પર સંપૂર્ણ ધ્યાન આપશે.

જે જે ભાઇઓ તરફથી વંસની ગણત્રી કરવામાં મદદ આપી છે તેનો અમો ફરીથી આભાર માનીએ છીએ.

લિ. સેવકો

જીવણજી રણછોડજી પટેલ

વલ્લભભાઇ ખુશાલભાઇ પટેલ.

સ્થળ:-સાંકરી
તા. ૫-૪-૨૫

મતીઆ પાટીદાર જ્ઞાતનું વસ્તી પત્રક

મતીઆ પાટીદાર જ્ઞાતિનું વસતિપત્રક

ગામ	સ્ત્રી	પુરૂષ.	ઘર.	ગુજરાતી ભણેલા પુરૂષ.	અંગ્રેજી ભણેલા પુરૂષ.	ભણેલી સ્ત્રી.	કુલ કુંવારી.
વાંકાનેર	૨૪૩	૨૭૨	૯૮	૧૬૫	૩૭	૬૦	૨૬૨
શીકેર	૧૭૯	૧૨૫	૭૦	૧૧૫	૨૯	૫૨	૧૯૬
વરાડ	૩૧૫	૩૪૮	૧૧૦	૨૭૫	૪૫	૯૮	૪૧૮
રાયમ	૮૨	૯૩	૩૦	૫૭	૬	૧૫	૭૮
સાંકરી	૬૮	૬૪	૨૭	૪૯	૯	૨૪	૮૨
મલસોદ	૧૦૧	૧૦૨	૪૫	૭૭	૪	૯	૯૦
અકોટી	૧૭૦	૧૯૪	૭૮	૧૩૪	૧૦	૨૩	૧૬૭
ઓરગામ	૫૯	૬૦	૨૩	૫૨	૬	૨૦	૭૮
બામણી	૧૯૮	૧૭૦	૬૦	૧૪૩	૪	૨૩	૧૭૦
શીગોદ	૧૬૬	૧૬૫	૬૨	૧૨૯	૧૨	૪૨	૧૮૩
હરિપરા	૧૩૧	૧૪૩	૫૧	૧૭૦	૮	૨૪	૨૦૨
સમથાણુ	૬૪	૬૦	૨૬	૪૨	૮	૧૨	૬૨
સીસાદરા	૨૭૩	૨૮૯	૧૧૫	૨૧૬	૨૧	૬૫	૩૦૨
મુનસાડ	૧૩૦	૧૩૩	૫૭	૧૧૦	૧૭	૪૩	૧૭૦
ખડસુપા	૧૭૮	૧૮૫	૭૦	૧૨૧	૨૧	૭૨	૨૧૪
સાતેમ	૧૯૬	૧૯૫	૭૪	૧૩૧	૩૭	૭૨	૨૪૦
પારડી	૧૫૧	૧૬૨	૫૭	૧૨૦	૪	૨૩	૧૪૭
કાછીઆવાડી	૧૨૭	૧૪૫	૫૭	૧૧૯	૯	૫૩	૧૮૧
ઉટારવા	૫૫	૬૧	૨૧	૫૦	૧૧	૧૮	૭૯
કલકવા	૨	૮	૧	૪	૧	૨	૭
ખુટવાડા	૬૮	૬૮	૨૫	૫૦	૫	૨૪	૭૯
ધડોઈ	૧૮	૩૫	૮	૨૦	૩	૪	૨૭

કાર્તિક સુદી ૭ સંવત ૧૯૮૦ તા૦ ૧૫-૧૧-૨૩

છોકરા કુંવારા	કન્યા કુંવારી	વિધુર	વિધવા	ધર્મ		પરદેશ ગમન કરનાર	કુલ વસ્તી
				સનાતની	સત્પંથી		
૮૩	૬૯	૨૨	૨૮	૪૦૨	૧૧૩	૮૧	૫૧૫
૫૪	૫૬	૧૧	૨૩	૮૬	૨૧૮	૭૩	૩૦૪
૯૦	૮૨	૩૫	૩૬	૬૬૩	૦	૮૭	૬૬૩
૨૯	૨૭	૫	૧૪	૧૧૩	૬૨	૨૦	૧૭૫
૯	૧૦	૫	૮	૧૦૦	૩૨	૧૩	૧૩૨
૨૭	૧૬	૯	૧૩	૫૮	૧૪૫	૨૧	૨૦૩
૪૬	૩૧	૧૯	૧૯	૧૧૦	૨૫૪	૫૪	૩૬૪
૧૨	૧૦	૮	૧૦	૨૦	૯૯	૭	૧૧૯
૨૪	૨૭	૩૨	૨૧	૨૩૯	૧૨૯	૪૦	૩૬૮
૫૬	૩૩	૧૦	૨૪	૨૮૭	૪૪	૩૪	૩૩૧
૩૭	૩૩	૧૮	૨૩	૧૪	૨૬૦	૪૨	૨૭૪
૨૪	૧૯	૬	૫	૧૮	૧૦૬	૧૨	૧૨૪
૯૭	૭૯	૪૭	૨૯	૭૧	૪૯૧	૧૦૫	૫૬૨
૩૫	૩૦	૧૭	૨૨	૧૫	૨૪૮	૧૩	૨૬૩
૬૨	૫૧	૧૪	૨૩	૨૦૧	૧૬૨	૩૫	૩૬૩
૫૬	૪૩	૧૩	૨૯	૨૬૫	૧૨૬	૭૦	૩૯૧
૪૬	૪૮	૧૩	૨૨	૦	૩૧૩	૫૬	૩૧૩
૪૨	૨૭	૧૦	૧૬	૪૬	૨૨૬	૬૪	૨૭૨
૧૧	૧૬	૩	૫	૬૯	૪૭	૨૪	૨૧૬
૨૧	૧	૦	૦	૦	૧૦	૨	૧૦
૩	૨૩	૭	૬	૪૨	૯૪	૧૭	૧૩૬
૬	૭	૧	૩	૩	૫૦	૪	૫૩

ગામ	સ્ત્રી.	પુરૂષ.	ઘર.	ગુજરાતી ભણેલા પુરૂષ	અંગ્રેજી ભણેલા પુરૂષ	ભણેલી સ્ત્રી-	કુલ ભણેલાં
વસર	૧૨	૧૭	૫	૧૪	૨	૨	૧૮
નવસારી	૮	૧૦	૭	૯	૩	૧	૧૩
આંબાવાડી	૧	૨	૧	૨	૦	૦	૨
ચોરઆમલા	૦	૨	૧	૨	૦	૦	૨
બાવરીઆ	૮	૯	૬	૨	૦	૦	૨
ભરડીઆ	૨૭	૩૧	૨૦	૨૧	૧	૧	૨૩
મોખરી	૮	૮	૬	૭	૦	૦	૭
મુંબઈ	૧૮	૩૬	૧૭	૩૧	૧૪	૬	૫૧
બ્યારા	૧	૭	૨	૬	૧	૦	૭
દેથલી	૧	૪	૧	૩	૧	૦	૪
સુરત	૫	૨	૧	૨	૦	૩	૫
મંદિરશાળા	૦	૯	૧	૯	૯	૦	૯
ગુરૂકુળો.							
કાંગડી							
ઇંદ્રપ્રસ્થ							
મુંબઈ							
હરદ્વાર ઋષિકુળ	૭	૧૮	૭	૦	૧૮	૭	૨૫
જ્વાલાપુર							
જાલંદર કન્યા-ગુરૂકૂળ							
દિલ્હિ							
કુલ	૩૦૮૧	૩૨૧૯	૧૨૪૦	૨૪૫૬	૩૫૬	૭૯૯	૩૬૦૨

૧૨૨૭૯ -

છોકરા કુંવારા	કન્યા કુંવારી	વિધુર	વિધવા	ધર્મ		પરદેશ ગામ રહેનાર	કુલ સ્તો
				સનાતની	સત્પંથી		
૫	૩	૦	૦	૦	૨૯	૧	૨૯
૧	૧	૦	૦	૫	૧૩	૨	૧૮
૦	૦	૧	૦	૦	૩	૧	૩
૦	૦	૦	૦	૨	૦	૦	૨
૨	૦	૧	૬	૧૧	૬	૧	૧૭
૭	૨	૧	૨	૫૦	૮	૪	૫૮
૨	૨	૧	૧	૧૪	૨	૧	૧૬
૧	૦	૨	૦	૪૯	૫	૬	૫૪
૦	૧	૧	૦	૮	૦	૦	૮
૧	૦	૧	૦	૫	૦	૦	૫
૧	૪	૦	૦	૭	૦	૧	૭
૪	૦	૦	૦	૭	૨	૧	૯
૧૮	૭	૦	૦	૨૫	૦	૦	૨૫
૯૧૨	૭૫૮	૩૧૩	૩૮૮	૩૦૦૫	૩૨૯૫	૮૯૨	૬૩૦૦